જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૩/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૭૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૩૪	૦	૧૧૩૩૪	૧૭૪૫૪	૦	૧૭૪૫૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૫	૦	૪૭૦૫	૬૨૨૮	૦	૬૨૨૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૦૮૦૦	૧૧૫	૩૦૯૧૫	૩૨૧૭૮	૧૧૬	૩૨૨૯૪
કુલ		૪૬૯૦૯	૧૧૫	૪૭૦૨૪	૫૬૧૩૮	૧૧૬	૫૬૨૫૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૬	૬,૧૪,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૮૧	૪,૮૧,૦૦૦/-

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન (૧)

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હોળી-ધૂળેટી ના પવિત્ર તહેવાર નિમીતે તેમજ કોરોના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી નેસ્ટ નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૨૯/૦૩/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં કલાક.૦૦/૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક.૦૦/૪૦ વાગે હિરાવાડી ચાર રસ્તા પાસે આવતા સર્વેલન્સ સ્કોર્ડના **અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮** નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે " **ઠક્કરનગર સનરાઇઝ હોટેલ ની ઉપર આવેલ એમ્રોડરીના કારખાના ઉપર આવેલ ધાબા ઉપર ખુલ્લી જગ્યામાં કેટલાક ઇસમો ગોળ કુંડાળૂ વળી પૈસા પાના થી હારજીત નો જુગાર રમી રમાડે છે અને હાલમાં જુગારનો અખાડો ચાલુ છે** " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તેમજ પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યા સનરાઇઝ હોટેલ ની ઉપર આવેલ એમ્રોડરીના કારખામાં સીડી વાટે થઇ ધાબા ઉપર ખુલ્લી જગ્યામાં રેઇડ કરી જુગાર રમતા બાર આરોપીઓને અંગજડતીના રોકડા નાંણા રૂ.૧૩,૦૭૦/-તથા દાવ ઉપરથી મળેલ રોકડ નાંણા રૂ.૨,૪૦૦/- મળી કૂલ્લે રોકડ કિ.રૂ.૧૫,૪૭૦/-તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૦૯ કુલ્લે કિ.રૂ.૪૮,૦૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૬૩,૪૭૦/-ના મુદ્દામાલ ના સાથે ક.૦૨/૫૦ વાગે પકડી પાડી સારી કામગીરી કરેલ છે તા.૨૯/૦૩/૨૦૨૧

આરોપીઓના નામ

(૧) સુનિલ સ/ઓ રામરતન જાતે મહાવર ઉ.વ.૨૨ રહે,ઇંદ્રજીત સોસાયટી નાગજીભાઇ રબારીના મકાનમાં ભાડેથી રતનબા સ્કુલ ની પાસે ઠક્કરનગર અમદાવાદ શહેર +૧૧=૧૨

મુદ્દામાલ :-

અંગજડતીના નાંણા રૂપિયા ૧૩,૦૭૦/-તથા દાવના નાંણા રૂપિયા ૨,૪૦૦/-મળી કૂલ્લે રોકડ નાંણા કિ.રૂ.૧૫,૪૭૦/-તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૦૯ કુલ્લે કિ.રૂ.૪૮,૦૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૬૩,૪૭૦/-ના મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં.૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં.૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨



કૃષ્ણનગર પોલીસ સ્ટેશન (૨)

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હોળી-ધૂળેટી ના પવિત્ર તહેવાર નિમીતે તેમજ કોરોના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી નેસ્ટ નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના એ.એસ.આઇ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા બીજા સ્ટાફના માણસો તા.૨૯/૦૩/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં કલાક.૦૦/૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક.૦૦/૩૦ વાગે કલ્યાણ ચોક ઠક્કરનગર પાસે આવતા સાથેના **લોકરક્ષક વિક્રમસિંહ મહેન્દ્રસિંહ** નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે " **કલ્યાણ ચોક કલ્યાણ એસ્ટેટના ધાબા ઉપર ખુલ્લી જગ્યામાં કેટલાક પૂરૂષ ભેગા મળી પોત-પોતાના આર્થિક ફાયદા સારૂ પૈસા પાનાથી હારજીતનો તીન-પતીનો જુગાર રમી રમાડે છે.અને હાલમાં ઉપરોક્ત જગ્યાએ જુગાર ચાલુ છે** " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તેમજ પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યા **કલ્યાણ એસ્ટેટના ધાબા ઉપર** ખુલ્લી જગ્યામાં રેઇડ કરી જુગાર રમતા ચાર આરોપીઓને **અંગઝડતીમાંથી મળેલા કુલ્લે રોકડ નાંણા રૂ.૯,૩૮૦/-તથા દાવના રોકડ નાણાં કિ.રૂ.૧૮૭૦/- મળી કુલ્લે રોકડા નાંણા રૂ.૧૧,૨૫૦/-તથા ગંજીપાના પાના નંગ-૫૨ કિંમત રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૪ કુલ્લે કિ.રૂ.૧૭,૦૦૦/-મળી કુલ્લે રૂ.૨૮,૨૫૦/-ની મત્તાના મુદ્દામાલ** સાથે ક.૦૧/૩૦ વાગે પકડી પાડી સારી કામગીરી કરેલ છે તા.૨૯/૦૩/૨૦૨૧

આરોપીઓના નામ

(૧) ગોપાલભાઇ ધનજીભાઇ જાતે સોની ઉ.વ-૩૯ ધંધો-કપડાની ફેરી રહે-મ.ન-૩/૧,જય લક્ષ્મી સોસાયટી રતનબા સ્કુલ સરદાર ચોક કૃષ્ણનગર અમદાવાદ શહેર + ૩= ૪

મુદ્દામાલ :-

અંગઝડતીમાંથી મળેલા કુલ્લે નાંણા રૂ.૯,૩૮૦/-તથા દાવના નાણાં કિ.રૂ.૧૮૭૦/- મળી કુલ્લે રોકડા નાંણા રૂ.૧૧,૨૫૦/- તથા ગંજીપાના પાના નંગ-૫૨ કિંમત રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૪ કુલ્લે કિ.રૂ.૧૭,૦૦૦/-મળી કુલ્લે રૂ.૨૮,૨૫૦/-ની મત્તાના મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ એ.એસ.આઇ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા લોકરક્ષક ચેતનભાઇ લક્ષ્મણભાઇ બ.ન-૧૧૮૬૮ અ.પો.કોન્સ જયરાજસિંહ નરેન્દ્રસિંહ બ.નં.૧૦૪૦૨ તથા લોકરક્ષક વિક્રમસિંહ મહેન્દ્રસિંહ બ.નં-નં-૧૦૯૫



નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

વટવા પોલીસ સ્ટેશન

વટવા પોલીસ સ્ટેશન છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતો ખોખરા સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિશનરશ્રી,તથા અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૨ સાહેબ દ્વારા નાસતા ફરતા/વોન્ટેડ આરોપીઓ શોધી કાઢવા સારૂ ડ્રાઇવ રાખવામા આવેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ કમિશ્રનરશ્રી, ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેરનાઓની સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી,વાય.એસ.ગામીત નાઓના સીધા માર્ગદર્શન હેઠળ ખોખરા પો.સ્ટે. ના પો.સબ.ઇન્સ. આર.એન.ચુડાસમા તથા પો.કો.સંજયભાઇ મેહુરભાઇ બ.નં.૯૬૮ તથા પો.કો.મહેશભાઇ ગોરધનભાઇ બ.નં.૧૧૯૦૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે.વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો.સંજયભાઇ મેહુરભાઇ બ.નં.૯૬૮ તથા પો.કો.મહેશભાઇ ગોરધનભાઇ બ.નં.૧૧૯૦૮ નાઓને મળેલ સંયુકત અને ચોક્કસ બાતમી હકિકત આધારે "ખોખરા પો.સ્ટે-૫૨૨૧/૨૦૧૯ પ્રોહી ક.૬૬(બી),૬૫ (એ.ઇ), ૧૧૬ (બી) ,૮૧ મુજબના ગુનાના કામનો વોન્ટેડ આરોપી જયેશ ઉર્ફે ભીખો સ/ઓ રધુભાઇ મંગાજી ઠાકોર ઉ.વ.૩૦ રહે.જમનાદાસ ગીલેટવાળાની ચાલી ખોખરા બાલભવન પાસે ખોખરા અમદાવાદ શહેર નાને " ઉપરોક્ત બાતમી હકીકત આધારે છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા હોય જેને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી સરાહનીય કામગીરી કરેલ છે. તા.૨૮/૦૩/૨૦૨૧



જાહેરનામાનો ભંગ કરતા આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

અણીદાર ધારદાર ખંજ્જર સાથે એક ઇસમને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હોળી-ધૂળેટી ના પવિત્ર તહેવાર નિમીતે તેમજ કોરોના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી નેસ્ટ નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૨૯/૦૩/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં કલાક.૧૬/૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક.૧૮/૪૫ વાગે વિજય પાર્ક ત્રણ રસ્તા મારૂતી પ્લાઝા પાસે આવતા ત્યા સામેથી એક ઇસમ કે જેણે શરીરે સફેદ કલરની કોલર વાળી ટી-સર્ટ તથા બ્લ્યુ કલરનુ જીન્ટ પેન્ટ પહેરેલ હોય અને જે ઇસમ સદરી જગ્યાએ જાહેરમાં લથડીયા ખાતો-ખાતો ચીચીયારીઓ પાડતો અને લવારી કરતો તેમજ પોતાની શરીર સ્થીતીનું ભાન રાખી શકતો ન હોય જે ઇસમ મળી આવતા તેને સાથેના સ્ટાફના માણસો તેમજ પંચોને ઓળખી બતાવી તેને પકડી લઇ તેની અંગજડતી કરતા તેના પેન્ટ ના નેફામાં એક અણીદાર ધારદાર ખંજ્જર હથીયાર પોતાની પાસે રાખી મળી આવેલ હોય અને તેને આ હથીયાર રાખવા બાબતે પૂછતા કોઇ જવાબ આપતો ન હોય અને કોઇ ગુન્હાહીત કાર્ય કરવા સારૂ પોતાના કબ્જામાં રાખેલ હોવાનું જણાતુ હોય જે મુદ્દામાલ પંચનામાં વિગતે કબ્જે કરી આરોપીએ મહે,પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હથીયાર બંધી જાહેરનામા ક્ર.વિ.શા/ હથીયાર બંધી-જાહેરનામાં/એ-શેકશન/પરમીટ/૪૮/૨૦૨૧ તા.૧૬/૦૩/૨૦૨૧ નો ભંગ કરી તેમજ દારૂ પિધેલ હાલતમાં મળી આવતા તેને ક.૨૦/૧૦ વાગે પકડી જી.પી.એકટ કલમ-૧૩૫(૧) તેમજ પ્રોહી કલમ-૬૬(૧)બી,૮૫(૧)૩ મુજબ ની અલગ-અલગ અલાયદુ કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે તા.૨૯/૦૩/૨૦૨૧

આરોપીઓના નામ

નિરજ સ/ઓ પ્રભુદયાલ રઘુવીર જાતે શર્મા ઉ.વ.૩૩ રહે,મ.નં-સી/૩,પુષ્પરાજ ફ્લેટ મારૂતી પ્લાઝા પાસે વિજય પાર્ક ત્રણ રસ્તા કૃષ્ણનગર અમદાવાદ શહેર

મુદ્દામાલ :-

અણીદાર ધારદાર ખંજર કિ.રૂ.૦૦/૦૦

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં.૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં.૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨




પીસીબી

" રામોલ પોલીસ સ્ટેશન વિસ્તાર માથી રહેણાક ફલેટના ધાબા ઉપર આવેલ લીફટના રુમમા સંતાડેલ વિદેશી દારુની બોટલો નંગ-૩૨૪ કિ.રુ.૧,૨૫,૭૦૦/ તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુ.૧,૪૫,૭૦૦/- ની મત્તાના મુદામાલ સાથે બે આરોપીઓને ઝડપી પાડતી પી.સી.બી."

મે.ડી.જી.પી.શ્રી ગુ.રા.નાઓ તરફથી આપવામા આવેલ પ્રોહી./જુગાર ડ્રાઈવ અનુસંધાને મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા આપેલ સુચના આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૨૯.૦૩.૨૦૨૧ ના રોજ પી.સી.બી સ્ટાફના અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ, અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ, અહેકો કૃષ્ણરાજસિહ હનુભા તથા અહેકો શૈલેષભાઈ દેવાભાઈ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ તથા અહેકો શૈલેષભાઈ દેવાભાઈ નાઓને સંયુક્તરીતે મળેલ ચોકક્સ બાતમી હકીક્ત આધારે વસ્ત્રાલ નિરાંત ચોકડી પાસે આવેલ મ.ન.બી/૪૦૩ પુષ્પ રેસીડેન્સી ફલેટ વિભાગ-૧ ના ધાબા ઉપર આવેલ લીફટના રુમમા સંતાડેલ વિદેશી દારૂની સીલબંધ બોટલો નંગ ૩૨૪ કિ.રુ.૧,૨૫,૭૦૦/ તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુ.૧,૪૫,૭૦૦/ની મત્તાના સાથે આરોપીઓ (૧) સંજયસિંહ તેજબહાદુરસિહ ઠાકુર રહે. બી/૪૦૩ પુષ્પ રેસીડેન્સી ફલેટ વિભાગ-૧ઁ વસ્ત્રાલ નિરાંત ચોકડી પાસે અમદાવાદ મુળ રહેવાસી-ગામ-પીરુપુર તા.-સદર જીલ્લો પ્રતાપગઢ ઉત્તરપ્રદેશ (૨) સાગર ભુનેશ્વરસિહ ઠાકુર રહે. બી/૪૦૩ પુષ્પ રેસીડેન્સી ફલેટ વિભાગ-૧ઁ વસ્ત્રાલ નિરાંત ચોકડી પાસે અમદાવાદ મુળ રહેવાસી-ગામ-પીરુપુર તા.-સદર જીલ્લો પ્રતાપગઢ ઉત્તરપ્રદેશ નાઓને પકડી લઈ કાયદેસરની કાર્યવાહી કરી રામોલ પો.સ્ટે. ખાતે\ સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૨૪૨૧૦૩૭૧/૨૦૨૧ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી),૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપી:

(૧) સંજયસિંહ તેજબહાદુરસિહ ઠાકુર રહે. બી/૪૦૩ પુષ્પ રેસીડેન્સી ફલેટ વિભાગ-૧, વસ્ત્રાલ નિરાંત ચોકડી પાસે અમદાવાદ મુળ રહેવાસી-ગામ-પીરુપુર તા.-સદર જીલ્લો પ્રતાપગઢ ઉત્તરપ્રદેશ (૨) સાગર ભુનેશ્વરસિહ ઠાકુર રહે. બી/૪૦૩ પુષ્પ રેસીડેન્સી ફલેટ વિભાગ-૧, વસ્ત્રાલ નિરાંત ચોકડી પાસે અમદાવાદ મુળ રહેવાસી-ગામ-પીરુપુર તા.-સદર જીલ્લો પ્રતાપગઢ ઉત્તરપ્રદેશ

વોન્ટેડ આરોપીઓ :

(૧) સુનીલ ઉર્ફે બલુર તેજબહાદુરસિહ ઠાકુર રહે. બી/૪૦૩ પુષ્પ રેસીડેન્સી ફલેટ વિભાગ-૧ê વસ્ત્રાલ નિરાંત ચોકડી પાસે અમદાવાદ
(૨) સલીમ ઉર્ફે તોતો શકીલઅહેમદ અંસારી રહે.,જનતાનગર જૈન મંદિર પાસે રામોલ અમદાવાદ શહેર
(૩) સલીમ ઉર્ફે તોતાનો માણસ મોગલી જેનુ પુરુ નામઠામ જાણવા મળેલ નથી.

ગુનાની જગ્યા :

મ.ન.બી/૪૦૩ પુષ્પ રેસીડેન્સી ફલેટ વિભાગ-૧ ના ધાબા ઉપર વસ્ત્રાલ નિરાંત ચોકડી પાસે અમદાવાદ શહેર

પકડાયેલ મુદામાલ

(૧) ભારતીય બનાવટના વિદેશી દારુની સીલબંધ બોટલો નંગ ૩૨૪ કિ.રુ. ૧,૨૫,૭૦૦/ (૨) મોબાઈલ ફોન નંગ ૨ કિ.રુ.૨૦,૦૦૦/ મળી કુલ્લે કિ.રુ.૧,૪૫,૭૦૦/ ની મત્તાનો મુદામાલ



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૭૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૦૩ લીટર દેશી દારૂ, ૨૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૨,૯૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૭૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૫૮૦/૨૦૨૧**

વેજલપુરઃ અમીન કરીમભાઈ શેખ (રહે. સંકલીતનગર જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૩/૨૦૨૧ સાજના ૫/૦૦ થી તા.૨૮/૦૩/૨૦૨૧ સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૧૩,૦૦૦/- અને રોકડ રૂપિયા ૭,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૧૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એલ.ડી.ઓડેદરા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૫૮૧/૨૦૨૧**

કૃષ્ણનગરઃ કિરણભાઇ મગનભાઇ પટેલ (રહે. ઇન્દ્રજીત ટેનામેન્ટ સરદાર પટેલ મોલ સામે નિકોલ રોડ ઠક્કરબાપાનગર) એ તા.૨૮/૦૩/૨૦૨૧ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કિરણભાઈ પટેલની કે.એમ.પી.એન્ટરપ્રાઇઝ નામની ઓફીસમાં મેનેજર તરીકે કામ કરતા આરોપી નરેશકુમાર ખોમા કાલીયા (મુળ વતન. ગામ-બાગીદરા તા.કલીન્દ્રા જી.બાસવાડા રાજસ્થાન) તા.૧૨/૦૩/૨૦૨૧ રાતના ૮/૦૦ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન ઓફીસના ટેબલના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૧,૦૭,૦૦૦/-, મોબાઇલ ફોન કિમત રૂપિયા ૫૦૦૦/- તથા કે.એમ.પી.એન્ટરપ્રાઇઝ કંપનીના નામનો આઇ.ડી.બી.આઇ.બેન્કનો કોરો ચેક ચોરી કરી લઈ ગયો હતો, જે કોરા ચેકથી રૂપિયા ૫૧,૦૦૦/- ઉપાડી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એન.વાઘેલા ચલાવે છે.

શહેરકોટડાઃ લક્ષ્મણભાઇ કાંતીભાઇ પરમાર (રહે. આંબેડકરનગર લાઇન નંબર-૪ નરોડા રોડ સૈજપુર બોઘા) એ તા.૨૮/૦૩/૨૦૨૧ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૨/૨૦૨૧ થી તા.૧૩/૦૩/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મેમ્કો અભિષેક એસ્ટેટ સામે આવેલ ત્રણ રસ્તા નજીકથી ટાટા આઇવા (ડમ્પર) નંબર જીજે ૧૮ એયુ ૮૬૯૦ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઇ.ચૌધરી ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૫૮૨/૨૦૨૧**

સરદારનગરઃ ભગવાનભાઈ કાળીદાસ પંચાલ (ઉ.વ.૫૮) (રહે. ધર્મનાથ પ્રભુ સોસાયટી આદેશ્વરનગરની બાજુમાં નિકોલ રોડ નરોડા) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૩/૨૦૨૧ સવારના ૫/૩૦ વાગ્યાના સુમારે ગેલેક્ષી સર્કલ પાસે અંડરબ્રિજ નજીકથી એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભગવાનભાઈના પત્નીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૮૩/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ સંજના નરેશભાઈ દંતાણી (રહે. બહુચરમાનાં મંદીર પાસે દંતાણી વાસ છારોડી ગામ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૩/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની એંગલમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.જાદવ ચલાવે છે.

શાહપુરઃ મૈત્રી ડો/ઓ નરોતમભાઈ દત્ત (ઉ.વ.૧૬) (રહે. દેવજી કુંભારનુ ડેલુ જગદીશ કોલોની પાસે શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૩/૨૦૨૧ સાજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચૌધરી ચલાવે છે.

નારોલઃ મિથુન નટુભાઇ પઢીયાર (ઉ.વ.૩૩) (રહે. નવરંગ ટેનામેન્ટ વિભાગ-૧ મોની હોટલના ખાંચામા નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૩/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેમને એલ.જીહોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૩/૨૦૨૧ રાતના ૧૧/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.ફુલધારા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી